આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અસરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારખ:-03-11-2024 સમય:-સાજે ૬.૨૫ કલાકે

---------------------------------------------------------------------------

# આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ

આજે ‘આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ’ ની ઉજવણી કરવામાં આવી. દિવ્યાંગોને મુખ્ય ધારામાં સમાવીને તેમનાં પ્રત્યે લોકોનો દ્રષ્ટિકોણ બદલવાના હેતુથી દર વર્ષે ત્રીજી ડિસેમ્બરને આ દિવસ ઉજવવામાં આવે છે.

આ નિમિત્તે આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 33 વિશેષ વ્યક્તિઓ અને સંસ્થાઓને પુરસ્કાર એનાયત કર્યા. આ કાર્યક્રમમાં સભાને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું કે આ એવોર્ડના વિજેતાઓ સમાજ માટે રોલ મોડલ તરીકે ઉભરી રહ્યા છે. રાષ્ટ્રપતિએ ઉમેર્યું હતું કે આ પુરસ્કાર સમગ્ર દેશમાં દિવ્યાંગ વ્યક્તિઓને પ્રોત્સાહિત અને મજબૂત કરવામાં મદદ કરશે.

દરમિયાન દિવ્યાંગો માટેની સરકારની વિવિધ યોજનાઓ મારફતે તેમના કલ્યાણ માટેની અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી નરેશ ચૌહાણે આકાશવાણીને આ અંગે વધુ માહિતી આપી હતી.

બાઈટ

RNU / અસરફ નથવાણી

---------------------------------------------------------------------------

RNU BHUJ

## પ્રાણીઓ અને યાયાવર પક્ષીઓ

પ્રાણીઓ અને યાયાવર પક્ષીઓ માટે ગુજરાત સુરક્ષિત રાજ્ય બન્યું છે. વન્યજીવ વસતિ અંદાજ અને ગણતરી મુજબ, વર્ષ 2023માં રાજ્યમાં મોર, નીલગાય, વાંદરા, કાળિયાર, દીપડા, સાંભર, ચિન્કારા સહિત અંદાજે 21 પ્રજાતિઓની 9 લાખ 53 હજારથી વધુ વસતિ નોંધાઈ હોવાનું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે..

આવતીકાલે ચોથી ડિસેમ્બરે વિશ્વ વન્યજીવ સંરક્ષણ દિવસની ઉજવણી કરાશે. આ દિવસે લુપ્ત થતાં વન્યજીવો અને પક્ષીઓને બચાવવા લોકોને જાગૃત કરવા દેશભરમાં વિશેષ કાર્યક્રમ યોજાશે.

કચ્છના બન્ની વિસ્તારમાં રાજ્યનું પ્રથમ ચિત્તા સંરક્ષણ સંવર્ધન કેન્દ્ર બનાવવા કેન્દ્ર સરકારે તાજેતરમાં મંજૂરી આપી હતી. આ કેન્દ્ર અંગે અભ્યાસ માટે વન્યજીવ સાથે જોડાયેલા રાજ્યના અધિકારીઓએ મધ્યપ્રદેશના કુનો-પાલનપુર રાષ્ટ્રીય પાર્કની મુલાકાત લઈ વિગતો મેળવી છે.

**RNU અમદાવાદ**

---

## ભુજ- અમદાવાદ નમો ભારત રેપીડ રેલ

ભુજ -અમદાવાદ વચ્ચે ચાલી રહેલી નમો ભારત રેપિડ રેલ ટ્રેનને મુસાફરો તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. 16મી સપ્ટેમ્બરનાં રોજ શરૂ થયેલી આ ટ્રેનમાં 30મી નવેમ્બર સુધી એક લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરી છે. આ દરમિયાન આ ટ્રેને 3 કરોડ 12 લાખ રૂપિયાની આવક કરી છે.

સ્વદેશી ટેક્નોલોજીથી વિકસિત આ ટ્રેન 12 એર-કન્ડિશન્ડ કોચથી સજ્જ છે, જેમાં સ્વચાલિત સ્લાઇડિંગ દરવાજા, એલઈડી લાઈટિંગ, રૂટ મેપ સુચક, સીસીટીવી, ફોન ચાર્જિંગ સહિતની સુવિધાઓ છે.

આ ટ્રેન બંને દિશાઓમાં સાબરમતી, ચાંદલોડિયા, વિરમગામ, ધ્રાંગધ્રા, હળવદ, સામખિયાળી, ભચાઉ, ગાંધીધામ અને અંજાર સ્ટેશને ઉભી રહે છે.

**RNU અમદાવાદ**

---

# ધોરડોથી અન્ય પર્યટન સ્થળો માટે બસ

ભુજ તાલુકાના ધોરડોથી કચ્છના અન્ય પર્યટન સ્થળો સુધી જવા એ.સી વોલ્વો બસ શરૂ કરાઇ છે.

રણોત્સવ ખાતે આવતા પ્રવાસીઓ કચ્છના અન્ય પર્યટક સ્થળોની મુલાકાત લઇ શકે તેમજ કચ્છની સંસ્કૃતિને માણી શકે એ હેતુથી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર દ્વારા એ.સી વોલ્વો બસ વિવિધ 4 રૂટોમાં શરૂ કરવામાં આવી છે.

જેમાં ધોરડોથી નારાયણસરોવર સવારે 08.00 વાગ્યે, ધોરડો થી માતાનામઢ સવારે 09.00 વાગ્યે, ધોરડોથી માંડવી સવારે 08.00 વાગ્યે જ્યારે ધોરડોથી ધોળાવીરા માટેની બસ સવારે 09.00 વાગ્યે ઉપડ્શે. આ તમામ રૂટોનું ઓનલાઈન બુકિંગ GSRTC.IN વેબસાઈટ પરથી તેમજ ધોરડો સબરસ બસ સ્ટેશન ખાતે GSRTC ના કાઉન્ટર પરથી ટિકિટ મેળવી શકાશે તેમ એક યાદીમાં જણાવાયું છે.

**મા.ખા.**

---------------------------------------------------------------------

## સરકારી આયુર્વેદ હોસ્પિટલ

ભુજ સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે આવતીકાલે નિ:શુલ્ક ડાયાબીટીસ નિદાન-સારવાર-સલાહ કેમ્પ, સિનિયર સીટીઝન કેર કેમ્પ યોજાશે.

કેમ્પમાં મફત બ્લડ સુગર ચેકઅપ, ડાયાબિટીસની આયુર્વેદીક/હોમિયોપેથીક ઔષધિય સારવાર અને ડાયાબિટીસના દર્દીઓ માટે રોજિંદી જીવન પદ્ધતિ, યોગ તેમજ આહાર-વિહાર અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. ઉપરાંત, વરિષ્ઠ નાગરિકોને ખાસ પ્રકારની સ્વાસ્થ્ય તથા શક્તિવર્ધક ઔષધ આપવામાં આવશે.

કેમ્પનો સમય સવારે ૯:૦૦ થી ૧૨:૩૦ અને સાંજે ૪:૦૦ થી ૫:૩૦ રહેશે તેમ સરકારી આયુર્વેદ હોસ્પિટલની યાદીમાં જણાવાયું છે.

મા.ખા

------------------------------------------------------------------------

## ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી

ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા કચ્છના ૬ તાલુકાઓમાં આંખોની તપાસ અને ફ્રી ચશ્મા વિતરણ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં કુલ ૨૩૪૨ નંગ ચશ્મા જરૂરિયાત મંદોને વિતરણ કરવામાં આવ્યા હતા.

મા.ખા

------------------------------------------------------------------------